ક્રમાંક : જીસીઇઆરટી/C&E4/2026/11547-80
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર
ફોન : (079) 23256813-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
e-mail : director-gcert@gujarat.gov.in
gcertcmde04@gmail.com
Web : www.gcert.gujarat.gov.in

સત્યમેવ જયતે

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

તારીખ: /04 /2026

07 APR 2026

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

વિષય : PARAKH FLS સર્વેના આયોજન બાબતે
સંદર્ભ: 1. **પરખ રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, નવી દિલ્હીનો તા.07/04/2026 નો ઈમેલ**
2. શાખા નોંધ પર માન. નિયામકશ્રીની મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

આપ સુવિદિત છો એમ પરખ રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, નવી દિલ્હી દ્વારા ધોરણ 3 અથવા નવા શૈક્ષણિક વર્ષ -2026-27 ના ધોરણ 4માં દાખલ થયેલ વિદ્યાર્થીઓ માટે આપણા રાજ્યમાં પરખ ફાઉન્ડેશનલ લર્નિંગ સ્ટડી- 2026, આ પત્ર સાથેના બિડાણમાં સામેલ જિલ્લાદીઠ આયોજન મુજબ કરવાની સૂચના મળેલ છે. જે માટે આપને આ પત્ર સાથેના બિડાણમાં સામેલ આયોજન મુજબ આપના જિલ્લામાં પરખ રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, નવી દિલ્હીની માર્ગદર્શિકા મુજબ ફાઉન્ડેશનલ લર્નિંગ સ્ટડી-2026નું આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

આપણા રાજ્યમાં પરખ રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, નવી દિલ્હી દ્વારા યોજાનાર ફાઉંડેશનલ લર્નિંગ સ્ટ્ડી- સર્વેના સૂચારૂ અમલીકરણ માટે નીચેની સૂચનાઓ ધ્યાને લેશો.

## સામાન્ય સૂચનાઓ:

1. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા કક્ષાએ સર્વે સારુ સેમ્પલ શાળાઓ તેમજ ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરને જરૂરી સૂચના, માર્ગદર્શન અને સહયોગ પૂરા પાડવાના રહેશે.
2. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા સર્વેના દિવસે આપની કક્ષાએથી મોનિટરીંગનીનું આયોજન કરવાનું રહેશે. જે માટે આ પત્ર સાથેના બિડાણમાં મોનિટરીંગ ફોર્મનો ઉપયોગ કરવાનો રહેશે.
3. રાષ્ટ્રીય માર્ગદર્શિકા અને નૈતિક ધોરણોનું સખતપણે પાલન કરવું.
4. સમગ્ર મૂલ્યાંકન પ્રક્રિયા દરમિયાન અખંડિતતા, તટસ્થતા અને વ્યવસાયિકતા જાળવવી.
5. સુનિશ્ચિત કરવું કે મૂલ્યાંકનની કોઈપણ સામગ્રી અથવા ઉપકરણનો દુરુપયોગ ન થાય, તેની સાથે ગેરરીતિ ન થાય અથવા તેને બિનવારસી છોડવામાં ન આવે.

6. પરખ રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, નવી દિલ્હી દ્વારા પૂરી પાડવામાં આવેલી નિયત સમયરેખામાં તમામ સોંપાયેલ કાર્યો પૂર્ણ કરવા.
7. PARAKH FLS પૂર્ણ થયા બાદ પ્રત્યેક Filed Investigators પાસેથી **આ ટેબલેટ <u>બિનચૂક પરત મેળવી લઇને</u> <u>જીસીઇઆરટી કચેરીને પરત જમા કરાવવાના રહેશે.</u>**
8. જિલ્લા દ્વારા PARAKH FLS માટે ફાળવેલ ગ્રાંટનો જીસીઇઆરટી કચેરી દ્વારા આપેલ બ્રેકઅપ પ્રમાણે નિયમો અનુસાર ખર્ચ કરવાનો રહેશે. **<u>જિલ્લાઓને મળેલ ગ્રાંટ કરતા કોઇપણ પ્રકારનો વધુ ખર્ચ કરવાનો રહેશે નહીં.</u>**
9. વિદ્યાર્થી માટેના Assessment Tools નું સેમ્પલશાળાના બાળકોની સંખ્યા પ્રમાણે (અલગ અલગ સેટ મુજબ) પ્રિન્ટ કરાવી Filed Investigatorsને ઉપલબ્ધ કરાવી આપવાના રહેશે. ઉદાહરણ સ્વરૂપે....

| જિલ્લો | નવા શૈક્ષણિક વર્ષ -2026-27 ના ધોરણ 4માં દાખલ થયેલ sampleમાં પસંદ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | સેટ 1 | સેટ 2 | સેટ 3 | સેટ 4 | કુલ પ્રિન્ટ |
|---|---|---|---|---|---|---|
| X | 12 | 3 | 3 | 3 | 3 | 12 |
| Y | 4 | 1 | 1 | 1 | 1 | 4 |

## <u>District Level Coordinator માટેની સૂચનાઓ :</u>

<u>મૂલ્યાંકનના દિવસે જવાબદારીઓ</u>

- પસંદ કરેલી તમામ શાળાઓને મૂલ્યાંકન તારીખ, સમય અને જરૂરી વ્યવસ્થાઓ વિશે જાણ કરવી.
- તમામ પસંદ કરેલી શાળાઓમાં સમયપત્રક મુજબ મૂલ્યાંકનની સુચારૂ શરૂઆત પર દેખરેખ રાખવી.
- ડિજિટલ ઉપકરણો કાર્યરત છે અને મૂલ્યાંકન નિર્ધારિત પ્રોટોકોલ મુજબ થાય છે તેની ખાતરી કરવી.
- રાજ્ય અથવા રાષ્ટ્રીય હેલ્પલાઇનના સંપર્કમાં રહીને કોઈપણ કાર્યકારી અથવા તકનીકી સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે Fls અને શાળા સત્તાવાળાઓ સાથે સંકલન કરવું. પ્રશ્નાવલિઓના યોગ્ય સંચાલન અને નિષ્પક્ષતા તથા પારદર્શિતા જાળવવા સહિતની પ્રમાણિત પ્રક્રિયાઓના પાલનનું નિરીક્ષણ કરવું. **<u>(National FLS Helpline No. 9354004137)</u>**

- સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉપકરણોનું સુરક્ષિત સંચાલન અને વિદ્યાર્થીઓના ડેટાનું રક્ષણ સુનિશ્ચિત કરવું.

**<u>મૂલ્યાંકન પછીની જવાબદારીઓ</u>**

- પ્રોટોકોલ મુજબ મૂલ્યાંકન ડેટાનું સફળ સિંક્નાઇઝેશન અને સુરક્ષિત સબમિશન સુનિશ્ચિત કરવું.
- તમામ પસંદ કરેલી શાળાઓની પૂર્ણતાની સ્થિતિ તપાસવી અને જો કોઈ વિચલન (Deviation) હોય તો તેના કારણો સાથે દસ્તાવેજીકરણ કરવું.
- ફરજોની સંતોષકારક પૂર્ણાહુતિ અને જરૂરી દસ્તાવેજો સબમિટ કર્યા પછી, મંજૂર કરાયેલ ધોરણો મુજબ FIs ને ચુકવણી (Payment) ની પ્રક્રિયામાં સહાય કરવી.
- નિર્ધારિત ડેટા સુરક્ષા ધોરણો મુજબ ઉપકરણો, રેકોર્ડ્સ અને સંબંધિત સામગ્રીની સુરક્ષિત કસ્ટડી સુનિશ્ચિત કરવી.
- સમગ્ર અભ્યાસ ચક્ર દરમિયાન રાજ્ય સત્તામંડળ, પરખ-NCERT અને તકનીકી સહાયક ટીમો સાથે નજીકનું સંકલન જાળવવું.
- મૂલ્યાંકન પ્રક્રિયાઓ અને સામગ્રીની સખત ગોપનીયતા અને અખંડિતતા જાળવવી.
- રાજ્ય/રાષ્ટ્રીય સત્તાધિકારીઓ દ્વારા અપાયેલ સૂચનાઓનો તાત્કાલિક જવાબ આપવો.
- વિલંબ અથવા વિક્ષેપ ટાળવા માટે લોજિસ્ટિક્સ અને સંકલન માટે આગોતરું આયોજન કરવું.

## Field Investigator માટેની સૂચનાઓ:

**<u>મૂલ્યાંકનના દિવસની જવાબદારીઓ:</u>**

૧. સવારની એસેમ્બલી (પ્રાર્થના સભા) પહેલાં ફાળવેલી શાળાએ પહોંચવું અને મુખ્ય શિક્ષક/આચાર્યને રિપોર્ટ કરવો.

૨. વિદ્યાર્થીઓની હાજરીની ચકાસણી કરવી અને નિર્ધારિત પ્રોટોકોલ મુજબ જ સેક્શન/વિદ્યાર્થી સેમ્પલિંગ હાથ ધરવું.

૩. માન્ય બેઠક વ્યવસ્થા મુજબ યોગ્ય બેઠક વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

૪. ધોરણ 3 અથવા નવા શૈક્ષણિક વર્ષના ધોરણ 4માં દાખલ થયેલ વિદ્યાર્થીઓ માટે ડિજિટલ મૂલ્યાંકનનું સંચાલન સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SoP) અને તાલીમ માર્ગદર્શિકા મુજબ કડક પાલન સાથે કરવું.

૫. ધોરણ 3 અથવા નવા શૈક્ષણિક વર્ષના ધોરણ 4માં દાખલ થયેલ વિદ્યાર્થીઓ માટે, પ્રતિભાવોને પ્રભાવિત કર્યા વિના વય-યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું.

૬. ખાતરી કરવી કે શિક્ષક પ્રશ્નાવલિ સંબંધિત શિક્ષક(કો) દ્વારા અને શાળા પ્રશ્નાવલિ મુખ્ય શિક્ષક/આચાર્ય દ્વારા પૂર્ણ કરવામાં આવે.

૭. શાંત, સહાયક અને તટસ્થ પરીક્ષણ વાતાવરણ જાળવવું. કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા, શીખવવું કે શિક્ષા કરવી જોઈએ નહીં.

૮. કોઈપણ અનિયમિતતા, તકનીકી સમસ્યા અથવા વિચલન વિશે તાત્કાલિક DLC ને જાણ કરવી અને જો જરૂર હોય તો નિયુક્ત હેલ્પડેસ્ક પાસેથી માર્ગદર્શન મેળવવું.

<u>મૂલ્યાંકન પછીની જવાબદારીઓ:</u>

૧. સુનિશ્ચિત કરવું કે વિદ્યાર્થીઓના તમામ પ્રતિભાવો ડિજિટલ સબમિશન પ્રોટોકોલ મુજબ યોગ્ય રીતે સાચવવામાં આવ્યા છે અને સિંક્રનાઇઝ કરવામાં આવ્યા છે.

૨. ચકાસણી કરવી કે ફાળવવામાં આવેલા તમામ મૂલ્યાંકન ઘટકો (કસોટી અને પ્રશ્નાવલિઓ) પૂર્ણ થયા છે.

૩. સૂચનાઓ મુજબ ટેબ્લેટ/ઉપકરણો અને એક્સેસરીઝ નિયુક્ત સત્તાધિકારી (DLC/RCC) ને પરત કરવા.

૪. જરૂરી દસ્તાવેજો, હાજરી રેકોર્ડ અને ફિલ્ડ નોટ્સ DLC ને સબમિટ કરવા.

૫. તમામ મૂલ્યાંકન ડેટાની સખત ગોપનીયતા સુનિશ્ચિત કરવી અને કસોટીની સામગ્રી અથવા વિદ્યાર્થીઓના પ્રતિભાવો સંબંધિત કોઈપણ માહિતી શેર કરવાથી દૂર રહેવું.

## સર્વે બાદની જવાબદારીઓ:

- સર્વે પછી, જિલ્લા યાદીમાં સર્વેક્ષણ કરેલ દરેક શાળા સામે નીચેના ત્રણ કૉલમ ઉમેરીને યાદી પૂર્ણ કરો:

1. સર્વે માટે પસંદ કરેલ સેમ્પલ વિદ્યાર્થીઓની સંખ્યા
2. સેમ્પલ વિદ્યાર્થી સર્વે પૂર્ણ થયાની સંખ્યા
3. શિક્ષક/શિક્ષકોના સર્વે પૂર્ણ થયાની સંખ્યા

- <u>સર્વે પછી, ટેબ્લેટ્સ રાજ્યને પરત કરતા પહેલા, આ યાદી પૂર્ણ કરવી આવશ્યક છે અને બેકએન્ડ પર ડેટા મળ્યો છે કે નહીં તે ક્રોસ-ચેક કરવા માટે PARAKH ભાસ્વતીમેડમ (MO. 098994 22190) સાથે બિનચૂક ચકાસણી કરવી.</u>
- ખાતરી કરો કે જિલ્લાઓમાંથી ટેબ્લેટ્સ ખસેડતા પહેલા તમામ ડેટા મળી ગયો છે.
- આ પત્રના બિડાણમાં સામેલ ટેબલેટ સબંધિત પર્ફોર્મા તેમજ જરૂરી પ્રમાણપત્રો સહી કરીને જીસીઇઆરટી કચેરીને મોકલી આપવાના રહેશે.

<u>નોંધ : આ ઉપરાંત પરખ દ્વારા ઉપલબ્ધ કરાયેલ માર્ગદર્શિકાની સૂચનાઓનું સંપૂર્ણ પણે પાલન કરવાનું રહેશે.</u>

આ અંગે આપની કક્ષાએથી નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરવા આથી આપને જણાવવામાં આવે છે.

(ડૉ. દેવદત્ત પંડ્યા )
રીડર,
જીસીઇઆરટી,
ગાંધીનગર

બિડાણ :

1. Guidelines by PARAKH FLS
2. Other documents for print to fill tablet related Performas, Monitoring Forms and other documents :https://drive.google.com/drive/folders/1xyY_n1izXGdJa_fzsQuKpBw4RzSfNibn
3. DLC/Fls Training & Other materials : https://drive.google.com/drive/folders/1a3s1mxGQ-zRzFucKqY9PGxqaRO8YOLBE
4. List of District wise Dates of the FLS Survey
5. List of Sample schools

**નકલ રવાના જાણ સારુ :**

- અંગત મદદનીશ, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર
- અંગત મદદનીશ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર
- સચિવ, સ્ટેટ પ્રોજેક્ટ ઑફિસ, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત
- શાસનાધિકારીશ્રી, તમામ, ગુજરાત

# GCERT, Gandhinagar

## PARAKH FLS Disrtictwise dates for Survey

| Sr. No. | District | DIET | Date for Survey |
|---|---|---|---|
| 1 | Ahmedabad | Ahmedabad Urban | 13 April 2026 |
| 2 | Ahmedabad | Ahmedabad Rural | 15 April 2026, 16 April 2026 |
| 3 | Amreli | Amreli | 15-04-2026, 16 April, 2026 |
| 4 | Anand | Anand | 13 April 2026, 15 April 2026 |
| 5 | Aravalli | Aravalli | 15 April 2026 |
| 6 | Banaskatha | banaskatha | 13 April 2026 |
| 7 | Bharuch | Bharuch | 16 April 2026 |
| 8 | Bhavnagar | Bhavnagar | 11 April 2026, 13 April 2026 |
| 9 | Botad | Botad | 15 April 2026, 16 April 2026 |
| 10 | Chhota udepur | Chhota udepur | 13 April,2026 |
| 11 | Dahod | Dahod | 11 April 2026 |
| 12 | Dang | Dang | 15 April 2026 |
| 13 | Devbhumi Dwarka | Devbhumi Dwarka | 13 April 2026 |
| 14 | Gandhinagar | Gandhinagar | 13 April 2026, 15 April 2026 |
| 15 | Gir Somnath | Gir Somnath | 13 April 2026 |
| 16 | Jamnagar | Jamnagar | 13 April 2026, 15 April 2026 |
| 17 | Junagadh | Junagadh | 11 April 2026, 13 April 2026 |
| 18 | Kheda | Kheda | 13 April 2026 |
| 19 | Kutchh | Kutchh | 15 April 2026, 16 April 2026 |
| 20 | Mehsana | Mehsana | 15 April 2026, 16 April 2026 |
| 21 | Morbi | Morbi | 13 April 2026 |
| 22 | Narmada | Narmada | 13 April 2026 |
| 23 | Navsari | Navsari | 13-Apr-26 |
| 24 | Panchmahal | Panchmahal | 11 April 2026, 13 April 2026 |
| 25 | Patan | Patan | 16 April 2026 |
| 26 | Porbandar | Porbandar | 11 April 2026 |
| 27 | Rajkot | Rajkot | 13 April 2026 |
| 28 | Sabarkantha | Sabarkatha | 13 April 2026 |
| 29 | Santrampur - Mahisagar | Santrampur-Mahisagar | 13 April 2026 |
| 30 | Surat | Surat | 13 April 2026, 15 April 2026 |
| 31 | Surendranagar | Surendranagar | 13 and 16 April 2026 |
| 32 | Tapi | Tapi | 15 April 2026 |
| 33 | Vadodara | Vadodara | 13 April 2026, 15 April 2026 |
| 34 | Valsad | Valsad | 16 April 2026 |